**અમદાવાદનાં મહે.અધિક ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૦ માં.**

**Criminal Case No.** 1001529/1998

## <u>આંક–૧ અન્વયે હુકમઃ–</u>

### <u>પરવાનગી અરજી અન્વયે હુકમ :–</u>

એ.પી.પી.શ્રી ને સાંભળ્યા, અત્રેની અદાલતમાં સરકારી વકીલશ્રી ની રજુઆત તથા હાલની આ અરજી વંચાણે લીધી તથા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ ના પત્ર ક્રમાક નંબર–ડીસી/એડીએમ/પડતર કેસ પરત ખેંચવા/૨૦૨૧, તારીખ ૦૯/૦૯/૨૦૨૧, અન્વયે જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કચેરી ધ્વારા સદર કેસ પરત ખેચવા અંગે મંજુરી આપવામા આવેલ છે જે પત્ર વંચાણે લેવા માં આવેલ છે.

આ કેસ ડોરમેન્ટ ઉપર મુકવામાં આવેલ કેસ છે. આરોપી/ આરોપીઓ ઘણા લાબાં સમયથી મળી આવતા નથી. કેસનુ રેકર્ડ જોતા આરોપી ઉપર પ્રોસેસ કરવા છતા તેઓ ને અદાલતમાં તપાસ કરનાર એજન્સી ધ્વારા લાવી શકાયેલ નથી. કેસ જુનો છે વધુ ગંભીર ગુના નો કેસ નથી. રાજય સરકાર ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ પરીપત્રે તેમજ નામ સુપ્રી. કોર્ટ તેમજ નામ ગુજરાત હાઈકોર્ટ ના આ બાબત ના (કેસ લો ) ધ્યાને લેતા સદર કેસ માં જયારે જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી ધ્વારા આ બાબતે લેખીત આદેશ કરવમાં આવેલ હોય તમામ હકીકતો ધ્યાન સમક્ષ રાખતા ન્યાયના હીતમાં સરકારી વકીલશ્રીને હાલની આ અરજી મંજુર કરવામાં આવે છે. અને આ કેસ વીડ્રોઅલ થી ફેસલ કરવાનો હુકમ કરવો યોગ્ય જણાઈ આવતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>હુ ક મ</u>

(૧) ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૩૨૧ અન્વયે અત્રેની અદાલતના સરકારી વકીલશ્રીને આ કેસ પરત ખેચવા ની પરવાનગી આપી વીડ્રોઅલ થી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપીને/ આરોપીઓ ને આ કેસમાં જણાવેલ ગુનામાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) **મુદ્દામાલ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવેલ છે**

(૧) બીન કીમતી મુદ્દામાલનો અપીલ સમય પુરો થયેથી ધોરણ સર નીકાલ કરવો.
(૨) મુદ્દામાલ હથિયાર નો અપીલ સમયબાદ ધોરણસર નીકાલ કરવો.
(૩) આરોપી જો રોકડ જામીન ઉપર છુટેલ હોય કે આરોપી પાસેથી રોકડા નાણા કબ્જે લીધેલ હોય તો અપીલ સમયબાદ નીયમઅનુસાર સરકાર દાખલ કરવા.
(૪) અદાલતે વચગાળાના મુદ્દામાલ અંગે કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમને અપીલ સમય બાદ કાયમ કરાવમાં આવે છે.

(૫) કબ્જે લેવાયેલ મુદ્દામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ ના હોય અને કબ્જે લેવાયેલા મુદ્દામાલની કીંમત ઉપજી શકે તેમ હોય તો આવો મુદ્દામાલ અપીલ સમય પુરો થયા પછી ધોરણસર નીકાલ લાવી ઉપજેલ નાણા સરકાર દાખલ કરવા.

હુકમ આજ રોજ તા.૧૧મી સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ યોજવામાં આવેલ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ. ( વી. ડી. મોઢ )

તા.૧૧/૦૯/૨૦૨૧. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ

કોર્ટ નં.૧૦, અમદાવાદ.